પેહેલી ચોપડીના અર્થ.

સુધારા વધારા સાથે.

૪૬૯૨

છપાવી પ્રસિદ્ધ કરનાર.

બુકસેલર મનસુખલાલ મગનલાલ



અમદાવાદ.

સ્વદેશભક્ત પ્રિન્ટિંગ પ્રેસ.

સને ૧૮૫૦.

કીમત ૧ આનો.

ગુજરાતી પેહેલી ચોપડીના અર્થ.

પાઠ ૧ લો.
મા—માતા, જીજી, જ-
નેતા, માડી.
બા—બેહેન.
છે— હયાતી કે અસ્ત-
તી વેળા બતાવનાર
શબ્દ.
પાઠ ૨ જો.
ભુ—જળ, પાણી; નીર
ધરતી ભુમી. [ગ.
પા—પીવરાવ, [illegible]
પાઠ ૩ જો.
પી—પેટમાં ઉતાર, પા-
ન કર.
જા—પોહોંચ.
પાઠ ૪ થો.
બા—માનો બાપ, યા
બાપનો બાપ.
તું—બીજો પુરૂષ.
પાઠ ૫ મો.
આ—પાસેની ચીજ,
સ્વરનો બીજો અક્ષર.
જો—દેખ [illegible]

બતાવનાર શબ્દ.
પાઠ ૬ ઠો.
ઘી—માખણ તાવ્યાથી
જે પદાર્થ નીકળે છે
તે.
ખા—જમ.
પાઠ ૭ મો.
એ—પેલું, ઓલ્યું
બી—બીજ, બીયું.
શું—કયું.
પાઠ ૮ મો
લે—ઝાલ, પકડ.
તે—ત્રીજો પુરૂષ.
પાઠ ૯ મો.
ડો—વડીઆઈ, દાદી.
ના—નહી, નકાર બતા-
વનાર શબ્દ.
પાઠ ૧૦ મો.
હા—હકાર બતાવનાર
શબ્દ, વારૂ.
રૂ—કપાસમાંથી નિક-
ળેલો પદારથ.

તાતા—રોટલો, રોટલી
બાખર.
છી—ખરાબ, ખોટું, ન
ઠારૂં.
પાઠ ૧૨ મો.
કે—કિંવા, વા, અથવા,
યા,
ખાઉ—મોદક, લાડુ, ગ-
ળ્યો પદાર્થ.
જે—કોઈ, ગમે એ.
પાઠ ૧૩ મો.
હું—પોતે, પંડે.
લેઉં—ઝાલું, પકડું.
લેજે—ઝાલજે, પકડજે.
પાઠ ૧૪ મો.
ભાવા—બેશ, સારૂ, શો
ભતું, સુંદીર.
મારૂં—પોતાનું.
તેલ—તલ પીલ્યાથી જે
તત્વ નીકળે છે તે.
આપ—દે.
[illegible]

પનુ એક વચન.
મને-પોતાને.
લાવ-ગ્માણ.
ખાજે-જમજે.
ખાઉં-ભોજન કરૂં.
પીઉં-પાન કરૂં, ગળે ઉતારૂં.

પાઠ ૧૬ મો.

જાય-સધાવે,ચાલે.
આવું-પધારૂં.
આવ-ચાલ.
કેમ-શી રીતે, શા કારણ, શા માટે.

પાઠ ૧૭ મો.

ત્યાં-તે ઠેકાણે.
તલ-તિલ, જેમાંથી તેલ નિકળે છે તે.
જાઉં-હીંડુ, ચાલું.
તે-ઓલ્યા, પેલા, ત્રીજો પુરૂષ.

પાઠ ૧૮ મો.

દે-આપ.
આજ-ચાલતો દીવસ
ભાત-રાંધેલા ચોખા.
ખાવા-પ્રસાદ લેવા, લેવા--ઝાલવા, પકડવા.

પાઠ ૧૯ મો.

નહી-ના, નકાર બતાવનાર શબ્દ.
દુધ-પય, માતાનાસ્તનમાંથી નિકળનારો પ્રવાહી પદાર્થ.
મામા-માનો ભાઈ.
પછી-જરા રહીને, પછવાડેથી પાછળથી

પાઠ ૨૦ મો.

મારા-પોતાના.
હશે-હોશે.
જોવું-દેખવું, ભાળવું.

પાઠ ૨૧ મો.

ત્યારે-તે વખત.
ઘર-મુકામ, વાસ, રહેઠાણ.
તારૂ-સામામાણસનું.

પાઠ ૨૨ મો.

ગોળ-શેરડીના રસને ઉકાળી નરમ અથવા કઠણ કરેલો ખાવાનો પદારથ.
હતું--નકી બતાવનાર હતાં-નકીપણું બતાવનાર શબ્દ.
માજી-વૃદ્ધડોશી, મા.

પાઠ ૨૩ મો.

શાક-તરકારી, ભાજીપાલો.
તારા-સામામાણસના
ડાળ-કઠોળનાબેભાગ.
આવશે-પધારશે.
ઊંઘ-ઘોરવું, નિદ્રાવશ થવું.
દેસે-આપશે.

પાઠ ૨૪ મો.

હાથ-કર, ભુજ, હસ્ત.
તારા-સામાના.
પગ-ટાંટીયા, ચરણ, પાગ.
જોઉ-ભાળુ, દેખુ.

પાઠ ૨૫ મો.

નથી-છે નહી.
કાકા-બાપના ભાઇ.
ક્યાં-ક્યા ઠેકાણે.
નાક-નાશીકા, શ્વાસ લેવાની ઇંદ્રી.
તમારા-સામા માણસના.

કાંઈ—લગાર, થોડું. જરા
આપુ—દેઉ.
બહેન—બા, ભગની.
વાત—કથા, કેણુ, કથન, કાણી.
કહુ—બોલુ.
ખાવુ—જમવું, ભોજન કરવું.
પાઠ ૨૭ મો.
કોણ—કીયો, કયો.
થાય—લાગે, બને
માશી—માની બેહેન.
એક—સંખ્યામાં પેહેલો આંકડો.
બે—એકને એક સંખ્યા. ૨
બાંધ્યુ—બંધવ,
પાઠ ૨૮ મો.
જાણે—ખબર પડે.
બસ—વધારે, જાસ્તી, ઘણું,
આપીશ—દેઈશ
લાવી—આણી.
કરશે—બનાવશે.
ખાશે—જમશે.
સરત—યાદ, ખબર, તજુબીજ
બાજરી—એક જાતનું અનાજ.
ઘઉં—એક જાતનું અનાજ.
પાઠ ૨૯ મો. [કરો
પુછો—સવાલ કરો, પ્રશ્ન
કહે—કેહો સંભળાવો,
માગે—કહે.
તો—અવ્યય છે.
કામ—કાર્ય, કાજ.
કહું—બોલુ, વદુ.
પુછું—સવાલ કરૂં.
જોઇશે—જરૂર પડશે.
પુરી—નાની રોટલી, અપુરી નહીં તે.
પાઠ ૩૦ મો.
જુવો—દેખો.
હતા—હાજર.
માગી—પુછી.
આપો—દો, સોંપો.
કેરી—આંબાનું ફળ.
તેણે—પેલાએ.
પાઠ ૩૧ મો.
તમે—બીજો પુરૂષ.
ભૂખ—ક્ષુધા, ક્ષવા.
ભુખી—ખાધા વગરની.
તથાપી.
લાગી—પછ, વળગી.
ચોટી.
થઈ—બની.
બહાર—મારગમાં, રસ્તામાં.
જાવ—ચાલતા થાઓ.
પાઠ ૩૨ મો.
પાસે—કને. નજદીક.
લગભગ ઢુંકડુ.
ભાભી—ભાઇની કે દોસ્તદારની વહુ.
તેની—પોતાની.
બીજો—અવર.
ક્યારે—કીએ વખતે.
ઉભુ—આડુ નહીં તે, ખડુ.
પાઠ ૩૩ મો.
ગુંદર—ઝાડમાંથી નીકળેલો ચીકણો પદારથ.
આંબો—કેરીનું ઝાડ.
સોનું—કનક, હેમ.
જુની—અસલી, નવી નહી તે, પુરવની; ઘણા કાળની

ના આગલા કે પા
છલો દોવરા.

પાઠ ૩૪ મો.

ચાર–ત્રણુનેએક, એને
બે. (૪)
કેટલા–કોઇસંખ્યામા
સમ ન હોય તે પૂ-
છવામાં આવે એ
વો શબ્દ અમુક
સંખ્યા.
ગાથુ–મસ્તક,શીર, રો
ચ મથાળુ.
છત્રીટોપં–છત્ર,છતરી.
માથાં–મસ્તકો.
પશુ–જનાવર, ઢોર,
હેવાન.

પાઠ ૩૫ મો.

પધારશો–પુરશો, જશો.
આવો–પધારો.
જોડે–સાથે,સાથે,પા
સે, કને.
તેડી–ઉચકી.
નાની–કદમાં થોડી,
બચુકડી.
બીજુ–બીજુ.
[illegible] પધારશ.
દુધમાં ભીંજાએ છે તે.
પુરી–ઘઊંની તળેલી
નાની રોટલી.

પાઠ ૩૬ મો.

શારો–બેશ, મજાનો
સુંદર,
માટે–વાસ્તે, શાજેસા
રૂ, અરથે,જેથે,જા-
તે, પડે, મતે.
લાવ્યો–આણ્યો.
કાગળ–કોરો અથવા
લખેલો પત્ર.
કેવો–કેવી તરેહનો,
કેવી જાતનો.
લખાવશે–લખાવણ-
તાવશે.
લખીશ–લખવાએશીશ
વારે–વખતે, કાળે.
આવડે–સમજે,જાણે.

પાઠ ૩૭ મો.

બુમો–બોટો, હોકારો
ટહુકો.
થયું–બન્યું.
પાડો–પાડો,ભેંસનો
નર.
પાડશે–[illegible], હેઠે

પાઠ ૩૮ મો.

બેસું–[illegible] કર.
ઘોડા–અશ્વ, તુરંગ છ
ય ખરીઓવાળુ પશુ
ઘોડે–તુરંગે.
કયે–કીયે, કોણે.
છોકરા–છોકરાં, બાળ
આપણુ–આપણે પોતે
જાડો–પુષ્ટ, મજબુત
આવડે–જાણે, સમજે
ચાકર–નોકર સેવક દા
સ.
બીજો–નામ છે.

પાઠ ૩૯ મો.

સારું–સારું.
બહુ–વધારે, ઘણું,બસ
પાણી–જળ, નીર.
ખપ–અગત્ય, જરૂર
ઉભી–આડી નહીં.
છોડી–છોકરી, દીકરી.
શે–કીયે, પ્રશ્ન પૂછનાર
શબ્દ.
કને–પાસે, નજીક
પીળુ–હળદર જેવા
રંગનુ.
કાચા–રાંધ્યા વગરના
[illegible]

પાણીની ધખ.
લાગી—થઇ.

પાઠ ૪૦ મો.

ભલી-શાણીડાહીસારી.
પેટ—ઉદર.
રાંધે—સાફ, પકાવે.
ખાધા—જમ્યા.
ખવાડત—જમાડત.
દાહાડે—દીવસ.
રાંધેલા—બાફેલા.

પાઠ ૪૧ મો.

બાપડા—બીચારા ગરીબ રાંક.
ધીમે—હળવે, સાસતે.
આમે—પોતે, જાતે.
ઝટ—તાકીદ, જલદી. ઉતાવળ; તરત, ઝટપટ. એકદમ.
દાંત—દંત.
ભખ—ભખ આખીને. ખોરાક ગોળ જેવો બનેલો પદાર્થ.
આપણી—પોતાની.
શેરી—મેહુલો.
વહુ—બાયડી સ્ત્રી ધણીઆણી, બારજા.
એમુને— તેઓને

ડોશી—વરધ સ્ત્રી.
હીંડાતુ—ચલાતુ
બાપડી—બીચારી
ભલી—સારી એશ.
તેમને—તેઓને.
ચાલે—હીંડે.

પાઠ ૪૨ મો.

ચોળ—સાફ કર; મશળ.
વેળા—વખત, કાળસમય.
ગંદી—મેલી, ચોખી નહી તે.
ગાંડી—અક્કલ વગરની દીવાની.
લુગડાં—કપડાં, વસ્ત્ર.
બરે—ઓ.
મેલાં—ગંદાં. ઉજળાં નહીં તે.
ફરે—ફરકે.
જોયો—દેખ્યો, નરખ્યો.
ચોળતી—મસળતી.
ઓળ—હોદ, પંકિત.
પેહેર—ધારણ.
મેલાં—ગંદાં.
દીલે—શરીરે, અંગે.
ગંદી—ગોબરી, મેલી.

પાઠ ૪૩ મો.

ઓળખી—પારખી.
ખેતર—અનાજ પકવવાની જમીન.
સાંભળે—સુણે.
કાચું—બાફયા વગરનું
ચંટી—ચકરી, દળવાનું યંત્ર.
મજુરી—મેહેનત વઈતરૂ.
રાખજે—સાચવજે. જાળવજે.
અનાજ—દાણા ધાન.
વાળા— તાંતણા.
ગંઇશા—દીધાં, જઈ.
વેચવા—કીમત લેવા.

પાઠ ૪૪ મો.

બોસો—કોહો.
પાંચ—પંચકડુ, ચાર ને એક.
શા—કંઈ પ્રસ્ન પુછનાર શબ્દ.
થોડી—લગાર, ઓછી
મગ—એક જાતનું કઠોળ.
અડદ—એક

વાસ—ઝાલર.

પાઠ ૪૫ મો.

બાકી—અકાત, અધુરો.
બાફ—રાંધ, ચઢાવ.
દળી—પીસી.
બાફી—રાંધી.
રોટલી—પોળી.
રોટલા—બાખરા.
રોજ—હમેસ, નીત.
આવડે—જાણે.
લોટ—આટો, દળેલું અનાજ.

પાઠ ૪૬ મો.

રમુ—ખેલુ.
ઉઠે—ઉભી થાય.
પાડુ—લાત.
સુતી—નિદ્રાવશ થઈ,
ગાય—ગૌ, ધેનુ.
પેસી—ઓલી.
ધોળી—સફેત, ઉજળી
રાતી—લાલ.
અજાણી—જાણીતી નહીં તે.
અહીં—આ જગાએ. અતરે.

પાઠ ૪૭ મો.

ઘાસ—ચાર.
ગોધો—આખલો.
બધું—તમામ, સઘળુ.
થોડું—અગાર,
વિના—વગર, શિવાય
નાંખ—ફેંક, ઉછેટ.
નાખીએ—ફેંકીએ,
ભરાય—પુરૂ થાય,

પાઠ ૪૮ મો,

જોયો—દીઠો.
દયા—કૃપા, મેહેરબાની
છાશ—દહીમાં પાણી નાંખીવલોવેતે છાશ.
બેસ—ડાબુ.
રંગ—રૂપ.
કાગો—સામગો.
સમજણ—અકકલ બુદ્ધિ
દહી—દુધ દુધમાં છાશ મેળવ્યાથી થાયછે તે

પાઠ ૪૯ મો.

મગ—એકજાતનું કઠોળ.
મીઠુ—નીમક, લુણ.
કઢી—છાશમાં મશાલો નાંખી ઉકાળે છે તે.
દાબે—પોતાની મેળે.
ખીચડી—દાળ અને રાંધે છે તે.
પારખી—ઓળખી.
દેખાડુ—બતાવું

પાઠ ૫૦ મો.

ઝાડ—તરૂ, વરક્ષ.
ખુણો—ખાંચો.
તોડવી—ચુંટવી.
ઠીક—સારૂં.
થેલો—માંડો.
ચડી—ઉપર ગઈ.
આંબો—કેરીનું ઝાડ.
આંમલી—આમલીનું ઝાડ.
લીમડો—એક જાતનું [ઝાડ.
વડ—એક જાતનું ઝાડ.
ચોરી—ધણીથી છાની જણસલઈ જવીતે.
તોડીશ—ચુંટીશ.

પાઠ ૫૧ મો.

ફોઈ—બાપની બહેન.
નાડો—ગોડમો.
ફળીઆ—ખાંચા, ખડકી મેહેલ્લો, શેરી. કમાડ.
નિકળે—નીસરે.
કીધુ—કરયુ, બનાવ્યું,

ઝ૨.૧૫

એડા—ચોટી.
આલી-સખી, બેહેનપણી.
ખબર—માલમ, જાણ.
લાકડી-સોટી, છડી.

પાઠ પર મો.

સઉ-બધાં તમામ એકએક.
વાળુ-સાંજનું અથવા રાતનું ભોજન.
બચી-ચુંબન, બોકી.
મોહુ—મુખ, વદન.
ગાળો-ખરાબ શબ્દ મુખેથી બોલવા.
દીધી-આપી, આલી.
વાંક-ગુનો, તકશીર.
ગાદાં-આાજરી કાયલી.
કડવાં-ઝખ જેવાં, ઝેર જેવાં.
ઓસડ—દવા.

પાઠ પ૩ મો.

તોફાન-ઉધમાત, મસ્તાઈ.
આંખો-લોચન, નેત્ર.
દોડ-નાશ.
ઉભા-ટીંચો, આડાન હી ને ...

ઢુસો-ઝગડો, પાંગજો.
વાગે—લાગે.
રીતે-ફરીએ, ચાલે.
ચુલામાં-ભઠીમાં.
મોટા—થરડા,
જીવ-પ્રાણ, આત્મા.
પોતાની-પારકીનહીંતે
જરા-લગારઓછુથોડુ

પાઠ પ૪ મો

ઢોલ—નગારૂં.
ઢગલા—ગંજ.
ખાંધે-કાંધે, ખભે.
નિશાળ-શાળા, ભણવાનું ઠેકાણું.
જણ-મનુસ્ય, માણુસ
વધારે-અતિશય, ઘણું મસ.
પુરાં—બરોબર.
વગાડે—બજાવે.
પીપી-શરણાઈ.
ખેસ-અંગવસ્ત્ર.
મેહેતાજી-માસ્તર, ભણાવનારશાળાગુરૂ
મજા—ગમત, રમુજ.
બેસવા-શરૂ કરવા.
પટેલ-પાટીદાર...

મારતા-પીટતા, ઠોકતા
શેઠ-ધણીમાલેક,ઉપરી

પાઠ પપ મો.

ખેચે—તાણે.
દીઠાં—જોયાં.
નાગી-નવસ્ત્રી.
ધુળ-ઘેશું, ખીઆડી.
કાદવ-કીચ કચરો,કીચડ.
કછીયો-વઢવાડ, કંકાસ ટંટો.
ફરે-હીંડે, ચાલે.
ભણે—ગોખે.
હળ-હોળ, સાતીઉં.
બળદ-ગાયનો ખાંસી કરેલો નર.
કેહેવું-બતાવું.
ધણી-માલેક.
ખેડે—ખેડતાં ખણે.
પોતાની-પારકી નહી
ઢોર-જનાવર.

પાઠ પ૬ મો.

કુતરો-સ્વાન, કુતરીનો વર.
બીલાડી-મંજારીમની ...

ફાનડો—દાંડીઓ.
પોપટ—સુડો, શુક.
પાંખો...પક્ષીને ઉડ-વાનું સાધન.
ઝાડ—વરક્ષ.
માળા—પક્ષીના ઘર.
ઉંદર—ચુવા, મુષક મુશક.
ગભોળી—જાનવર
દાણાં—આપવા.
ગળે [illegible]

પાઠ ૫૭ મો.


એક—સંખ્યાનો પેહેલો અક્ષર.
બે—એકને એક (૨) સંખ્યા.
ત્રણ—બેને એક (૩)
લેખણ—વતરણું કલમ
મઠું—મેલું.
જોડે—સંગાથે, સાથે
ઉજળા—અવળા વિરૂદ્ધ

પાઠ ૫૮ મો,

ચાર—બેને બે (૪)
પાંચ—ત્રણને બે [૫]
છ—ચારને બે [૬]
આંગળા—હાથની હથેળીથી ટેરવાં સુધીનો ભાગ.
પાઈ—પૈસાનો ત્રીજો ભાગ

પાઠ ૫૯ મો.

સાત—ચારનેત્રણ(૭)
આઠ—પાંચને ત્રણ (૮)
નવ—છનેત્રણ (૯)
દસ—પાંચનેપાંચ [૧૦]
મીંડુ—શૂન્ય (૦)



ખબર.

આ ચોપડી નીચે લખેલે ઠેકાણેથી વેચાતી મળશે.

વડોદરા—બુકસેલર દશરથ રાઘોબા ઠા. રાવપરામાં.
બુકસેલર રણછોડ મોતીરામ.

વલસાડ—બુકસેલર દ્વારકાંદાસ પરભુદાસ.

સુરતમાં—મેહેતાજી ફકીરભાઈ કાશીદાસ.
બુકસેલર કરશનદાસ નારણદાસ.

મુંબાઈમાં—બુકસેલર સખારામ બીકસેટ.
બુકસેલર બાળકૃષ્ણ રણછોડ.
બુકસેલર ભીમશી માણેક.
બુકસેલર દામોદર ઇશ્વર.
બુકસેલર ગોકળદાસ હરજીવનદાસ.

ભાવનગર—પાનાચંદ તેજા.

વીરમગામ—બુકસેલર મુળશંકર વહુ.

જુનાગઢ—બુકસેલર હરભાઇ દાંમજી.

સામટી લેવી હોય તેમણે પોસ્ટપેડ કાગળ લખી ખુલાસો કરવો. નાટપેડ કાગળ લીધામાં આવશે નહીં. મુંબાઈના છાપેલાં સંસ્કૃત, હીંદુસ્તાની, ગુજરાતી, ડીકસનેરીઓ, નાટકો, જૈનધરમનાં તથા વૈષ્ણવધરમનાં તથા વારતાઓ, તથા કાયદાઓ પેહેલેથી તે [illegible] ની સુધી અરથ, તરજુમાઓ અને વઈદકના પુસ્તકો [illegible] ખરીખરી જાતનાં [illegible] અમારી પાસેથી